## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગુરુજી... બધા મોદી નોટની પાછળ કેમ પડ્યા છે...???

# સિવિલ હોસ્પિટલમાં વહીવટી અને એકાઉન્ટ ઓફિસરનું હપ્તારાજ

## એડવોકેટ દ્વારા જિલ્લા કલેકટર અને ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરાતા ખળભળાટ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી દરેક ચીજવસ્તુઓની ખરીદી તેમજ ચેક પાસ કરાવવા માટે કટકી આપવી પડે છે. આ કટકી પાછળ એકાઉન્ટ ઓફિસર અને વહીવટી અધિકારી તો માત્ર પ્યાદા છે તો આ બંન્ને પાછળ કયા મોટા મહારથીનો હાથ છે તે બાબત અત્યંત રહસ્યમય છે. આ બંન્ને અધિકારીઓ સામે વારંવાર ફરિયાદો ઉઠવા છતા તંત્ર દ્વારા કરવામાં આવતા આંખ આડા કાન અનેક શંકાઓ ઉત્પન્ન કરી રહ્યા છે. અધિકારીઓની કટકી મહિને અડધા લાખ જેટલી થવા જાય છે તેવુ પણ સિવિલ કેમ્પસમાં ચર્ચાઈ રહ્યું છે ત્યારે સિવિલના આ કહેવાતા હપ્તાખોર અને કટકી બાજ અધિકારીઓ સામે તાજેતરમાં એક વકીલે જિલ્લા કલેકટરને તેમજ જીએમઈઆરએસ મેડીકલ કોલેજના ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ કરીને સમગ્ર મામલે તપાસ કમિટી બનાવી તટસ્થ તપાસ કરવા જાણ કરવામાં આવી છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલમાં છેલ્લા ઘણા સમયથી પોલંમપોલ ચાલી રહ્યું છે. હપ્તારાજ અને કટકીબાજ અધિકારીઓથી વિવિધ ચીજવસ્તુઓ આપતા વેપારીઓ પણ ત્રાહીમામ પોંકારી ઉઠયા છે. ત્યારે આજે અમદાવાદના એડવોકેટ હીરેન પંડયાએ જિલ્લા કલેકટર અને જીએમઈઆરએસ મેડીકલ કોલેજ તંત્રના અધિકારીઓને પત્ર લખીને રજુઆત કરીને જણાવ્યું છે કે એકાઉન્ટ અને વહીવટી અધિકારીની ખરીદ પ્રક્રિયામાં મનમાની ચાલે છે. દરેક પાર્ટી જોડે ૧૦થી ૧૫ ટકાનું સેટીંગ રાખે છે. બંન્ને અધિકારીઓ મોટા બિલો તેમજ ખરીદીમાંથી મહિને અંદાજીત રૂ. ૫૦ હજારની કટકી કરે છે. જયારે વહીવટી અધિકારી દર માસના અંતે એકાઉન્ટ અધિકારી પાસેથી ઉચ્ચક રૂ.૨૦ હજાર લઈ જેમ ચાલે છે તેમ ચાલવા દો તેવું કહી બંન્ને અધિકારીઓ ખુલ્લી લુંટ ચલાવી રહ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. ગત્ વર્ષે પણ ઘણી બધી પાર્ટીઓ હેરાન થઈ છે. શાકભાજીના ટેન્ડરના તો અંદાજીત રૂ. ૧૫ થી ૧૭ લાખની રકમ વ્યવહાર કરી એક સાથે ચુકવેલ હોવાનું જાણવા મળે છે. સિવિલ તંત્રને આ બધી જાણ હોવા છતા કેમ આ અંગે કોઈ પગલા લેવામાં આવતા નથી. સિવિલ તંત્રની મિલી ભગત હોય તેવું લાગી રહ્યું છે તેમજ સિવિલ સુપ્રિટેન્ડન્ટ પણ આ અંગે કોઈ પગલા કેમ ભરતા નથી..? સિવિલ સુપ્રિટેન્ડન્ટ કેમ રસ લેતા નથી..! તે સહિતના પ્રશ્નો ચર્ચાના મુદ્દા બન્યા છે. ત્યારે એડવોકેટ હીરેન પંડયાએ જિલ્લા કલેકટર તેમજ આરોગ્યના ઉચ્ચ અધિકારીઓને આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી છે.

# સે-૨૭ ગાયત્રી સોસાયટીમાં ગટર ઉભરાતા રહીશો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ગાયત્રી સોસાયટીમાં છેલ્લા બે માસથી ગટર ઉભરાતી હોવાથી સ્થાનિક નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠયા છે. ઉનાળાના પ્રારંભે જ ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ સેકટર-૨૭ માં બનવા પામ્યું છે. વસાહતીઓ દ્વારા તંત્રને જાણ કરવા છતા હજુ સુધી કોઈ ડોકાયું નથી. જયારે ખદબદતી ગંદકી વચ્ચે વસાહતીઓને રહેવું મુશ્કેલ બન્યું છે.ત્યારે ગટરના ગંદા પાણીને પગલે નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાતી હોવાની સમસ્યા સામે આવી રહી છે. ગટરનું કામ અપગ્રેડ કરવામાં આવ્યું છે તંત્ર દ્વારા છતા પણ કોઈ ઠેકાણે ગટર ઉભરાતી હોવાની ફરિયાદો મળી રહી છે. તંત્ર દ્વારા સમયાંતરે મશીન દ્વારા સફાઈ કરવામાં આવે છે તેમ છતા ગટરોની સમસ્યા સર્જાય છે. થોડા સમય પહેલા નવા સેકટરોમાં ગટરોની સમસ્યા વકરી હતી તેનો નિવેડો તંત્ર દ્વારા લાવી દેવામાં આવ્યો છે ત્યારે જુના સેકટરોમાં ફરિયાદો ઉઠવા પામી છે.

સેકટર-૨૭ ગાયત્રી સોસાયટીમાં છેલ્લા બે માસથી ગટર ઉભરાતા ગંદા પાણીનું ખાબોચીંયુ ભરાઈ જાય છે. ઉનાળાના પ્રારંભે ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ ઘર સામે થવા આવ્યું છે. સ્થાનિક તંત્ર તેમજ ગટર વિભાગને જાણ કરી હોવા છતા કોઈના પેટનું પાણી હલતું નથી. ગંદા પાણીના ખાબોચીયા વચ્ચે રહીશો રહેવા માટે મજબુર બન્યા છે. ગંદકીને પગલે મચ્છરોના ત્રાસથી વસાહતીઓ રાત્રીના સમયે શાંતિથી સુઈ પણ શકતા નથી. જયારે મચ્છરોને લીધે સોસાયટીના રહીશોના માથા પર આરોગ્યનો ખતરો ઝળુંબી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા ઉભરાતી ગટરની કાયમી સમસ્યાનો અંત સત્વરે લાવવામાં આવે તેવી સ્થાનિક વસાહતીઓની લાગણી અને માંગણી છે.

# સે-૬ અને એલડીઆરપી પાસે દબાણ તંત્રનો સપાટો

ગાંધીનગર શહેરમાં દબાણે અજગરી ભરડો લીધો છે. શહેરમાં દબાણનો પ્રશ્ન અધિકારીના માથાના દુખાવા સમાન બની જવા સપાટો બોલાવી ૧૫ ગલ્લા ઝપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે દબાણ વિભાગ ફરીવાર સક્રિય થતા શહેરના લારી નાગરીકોનો મુખ્ય છે. શહેરને દબાણે અજગરી ભરડો લીધો છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર નજર ટીમ અચાનક આવતા જ લારી-ગલ્લા ધારકોમાં નાસભાગ મચી જવા પામી હતી. પોતાનો સામાન બચાવવા માટે વેપારીઓ મથી રહ્યા જયારે મહેશ મોડે જણાવ્યું હતું કે આગામી સમયમાં પણ વિવિધ સેકટરોમાં તેમજ મુખ્ય માર્ગોની આસપાસ ખડકાયેલા દબાણો પર





પામ્યો છે. ત્યારે આજે સેકટર-૬ અને એલડીઆરપી કોલેજની બહારની બાજુએ ફુટપાથ પર અડીંગો જમાવીને બેઠેલા લારી ગલ્લા ધારકોની સામે તંત્રએ લાલ આંખ કરી છે. દબાણ વિભાગે ગલ્લા ધારકોમાં નાસભાગ મચી જવા પામી હતી.

ગાંધીનગર શહેરમાં રાત્રીના સમયે ના વધે તેટલા દબાણો દિવસે વધી જાય છે. શહેરના પ્રાણ પ્રશ્નમાં દબાણનો પ્રશ્ન નાંખો ત્યાં લારી-ગલ્લા ધારકો નજરે પડી રહ્યા છે. ત્યારે આજે મનપાના દબાણ અધિકારી મહેશ મોડ અને તેમની ટીમે સેકટર-૬ અને એલડીઆરપી કોલેજની સામે સપાટો બોલાવ્યો હતો. દબાણની હતા. સેકટર-૬ અને એલડીઆરપી કોલેજ ખાતેથી ૧૫ જેટલી લારીઓ ઝપ્ત કરી હતી. જયારે દબાણ વિભાગની ટીમ કાર્યરત થતા લારી ગલ્લા ધારકો ચિંતામાં ગરકાવ જોવા મળ્યા હતા. દબાણનું બુલડોઝર ફેરવવામાં આવશે અને કોઈ પણ દબાણકર્તાને બક્ષવામાં નહી આવે. જયારે દબાણની ટીમ ત્રાટકતા જ અન્ય સેકટરના વેપારીઓ પણ લારી ગલ્લા લઈને નાસી છુટ્યા હતા.



સૈનિક દિન નિમિત્તે ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા એકત્ર કરાયેલ રૂ. ૫ લાખ ૨૫ હજારથી વધુ રકમનો ફાળો સૈનિક વેલ્ફેર બોર્ડના ચૌહાણને આજે જિલ્લા કલેક્ટર દ્વારા સુપરત કરવામાં આવ્યો હતો. આ ફાળામાં જિલ્લાના શિક્ષકોએ જ રૂ. ત્રણ લાખથી વધુની રકમ એકત્ર કરી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી બી. કે. પટેલ, જિલ્લા પ્રા.શિ.અ. જે. જી પંડ્યા, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કિરણબેન પટેલ, શહેરના શાસનાધિકારી છાયાબેન તેમજ શિક્ષક સંઘના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# શિયાળુ પાકો ટેકાના ભાવે ખરીદવા કિસાનસંઘની માંગ

ગાંધીનગર, તા. ૧૫

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા શિયાળુ પાકો ટેકાના ભાવે ખરીદવા માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે. ભારતીય કિસાન સંઘ દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે કે સમગ્ર ગુજરાતમાંથી તુવેર-ચણા જેવા શિયાળુ પાકો બજારમાં આવી રહ્યા છે. ત્યારે તુવેરમાં ૭૦૦ રૂ. થી ૮૦૦ રૂ.ના ભાવે ગરીબ ખેડૂતોને માર્કેટયાર્ડોમાં વહેંચી દેવા પડે છે. તુવેરનો ટેકાનો ભાવ ૧૦૯૦ રૂ. નક્કી કરવામાં આવ્યો છે તેવી જ રીતે ચણામાં ટેકાનો ભાવ ૮૮૦ રૂ. કરવામાં આવે. સરકાર તરફથી પાછળથી ખોલવામાં આવતા કેન્દ્રોનો લાભ સાચા ગરીબ કિસાનો લઈ શકતા ન હોવાથી સરકાર અત્યારથી કેન્દ્રોની જાહેરાત કરીને નોંધણી ચાલુ કરે તેવી રજૂઆત ભારતીય કિસાન સંઘ દ્વારા કરવામાં આવી છે.

# પ્રાથમિક શાળાઓમાં ૯મી એપ્રિલથી મૂલ્યાંકન થશે

## ૧લી મે થી પ્રાથમિક શાળાઓમાં વેકેશન : ૩૦મી એપ્રિલે મૂલ્યાંકનનું પરિણામ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં પ્રા. શાળાના બાળકોનું દ્વિતીય અને વાર્ષિક મૂલ્યાંકન આગામી ૯મી એપ્રિલથી આરંભાશે અને તે ૧૭ એપ્રિલ સુધી ચાલશે.

જિલ્લા પરીક્ષા સમિતિની મળેલી બેઠકમાં પરીક્ષાઓની તારીખો અને સમયપત્રકને મંજૂરી આપવામાં આવી છે.

૧લી મે થી પ્રા. શાળાઓમાં ઉનાળુ વેકેશનનો આરંભ થશે અને તે ૪થી જુન સુધી ચાલશે. અર્થાત ૩૫ દિવસનું વેકેશન મળશે. જિલ્લામાં દોઢ લાખથી વધુ બાળકોનું આ મૂલ્યાંકન કરવામાં આવનાર છે.

ધો. ૩ થી ૮ ના બાળકોનું મૂલ્યાંકન લેખિતમાં કરાશે જ્યારે ૧ થી ૨ ના બાળકોનું મૌખિક મૂલ્યાંકન કરાશે. સ્વાધ્યાય મૂલ્યાંકન અને શાળાકીય શિક્ષણનું મૂલ્યાંકન શાળાએ જાતે કરવાનું રહેશે તેમજ તેના ગુણ મૂલ્યાંકન પત્રકોમાં નોંધવાના નથી તેવી સૂચના પણ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૩ થી ૫ના બાળકોનું મૂલ્યાંકન ૪૦ ગુણાંકન રહેશે જ્યારે ૬ થી ૮ના બાળકોનું મૂલ્યાંકન ૮૦ ગુણાંકનું રહેશે. ૪૦ ગુણાંકનના પ્રશ્નપત્ર માટે બે કલાકનો સમય રહેશે.

બીજા સત્રના ઓકટો.થી એપ્રિલ માસ સુધીના પાઠ્યક્રમને આવરી લેવામાં આવશે. આ મૂલ્યાંકનનું પરિણામ ૩૦મી એપ્રિલના રોજ જાહેર કરવામાં આવશે.

જિલ્લામાં દોઢ લાખ જેટલા બાળકો હાલ સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે જે ઉલ્લેખનીય છે.

# ડાંગની સરિતા ગાયકવાડે એશિયન ગેમ્સમાં ભારતનો ડંકો વગાડ્યો

## ૪૦૦ મીટર વિઘ્ન દોડ, અને ૪૦૦/૪ રીલેમાં આંતરરાષ્ટ્રીય સ્વર્ણ પદક મેળવ્યા

## રાજ્યના મુખ્યમંત્રી સહિત પ્રભારી મંત્રી અને જિલ્લા પ્રશાસને પાઠવી શુભકામના

ગાંધીનગર, તા. ૧૫

તા. ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમિયાન ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે રમાયેલી ૮મી એશિયન ગેમ્સ ટેસ્ટ ઈવેન્ટ કોમ્પિટિશનમાં, ભારતનું પ્રતિનિધિત્વ કરી રહેલી ડાંગની દિકરી કુ. સરીતા ગાયકવાડે તેની કારકિર્દીના એક સાથે બે બે આંતરરાષ્ટ્રીય સ્વર્ણ પદક જીતીને, દેશને બબ્બે ગોલ્ડ અપાવવામાં સફળતા મેળવી છે.

ડાંગ જિલ્લાના માંડ ૭૦૦ની આબાદી ધરાવતા સરહદી ગામ કરાડીઆંબાના શ્રમિક પરીવારની દિકરી સરીતા ગાયકવાડ, કે જેને સમગ્ર ડાંગ અને ગુજરાતમાં ડાંગની રાજધાની તરીકે ઓળખવામાં આવે છે. તેણીએ ગત વર્ષના તેના ઉત્કૃષ્ટ પરફોર્મન્સને આધારે, ૮મી એશિયન ગેમ્સ ટેસ્ટ ઈવેન્ટ કોમ્પિટિશનમાં તેની દાવેદારી નોંધાવી હતી. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ડાંગની આ દોડવીરને આ કોમ્પિટિશન માટે આ અગાઉ કેરાલા ખાતે છ માસની સઘન તાલીમ આપવામાં આવી હતી. સરીતા ગાયકવાડના આંતરરાષ્ટ્રીય કોચ શ્રી અજીમોનના માર્ગદર્શન હેઠળ, કાયાને કસીને સરીતા ગાયકવાડ ઈન્ડોનેશિયા પહોંચી હતી. જ્યાં ૪૦૦ મીટર વિઘ્નદોડ સહિત ૪૦૦/૪ રીલે માટે પણ તેણીને પસંદગી થવા પામી હતી.

જે પૈકી વ્યક્તિગત ૪૦૦ મીટર વિઘ્ન દોડમાં સરીતા ગાયકવાડે ૩૫ દેશના દોડવીરોને આ કેટેગરીમાં પાછળ છોડી, ૫૯.૦૮ સેકન્ડમાં તેનું લક્ષ હાંસલ કરી સ્વર્ણપદક મેળવ્યો હતો. કુ.સરીતા ગાયકવાડનો આ પ્રથમ આંતરરાષ્ટ્રીય ગોલ્ડ છે. જ્યારે તેના તરફથી ભારતને પણ આ પ્રથમ ગોલ્ડ અર્પણ કરાયો હતો. સાથે સાથે સરીતા ગાયકવાડનો આ કક્ષામાં તેનો બેસ્ટ ટાઈમીંગનો રેકોર્ડ પણ નોંધાવા પામ્યો છે.

આ ઉપરાંત કોમ્પિટિશનનાં આખરી દિવસે એટલે કે તા.૧૪-૨-૨૦૧૮નાં રોજ સરીતા ગાયકવાડે ૪૦૦/૪ મીટર રીલેમાં પણ ઈનફોર દોડવીર તરીકે ભાગ લીધો હતો. તેણીની સાથે કર્ણાટકાની દોડવીર નિત્થ્યા, કોલકાતાની સોનિયા, અને આસામની હીમાએ પણ જબરદસ્ત પરર્ફોમન્સ બતાવતા, આ દોડવીરોએ ભારતને ગોલ્ડ અપાવ્યો હતો.

# કરરાહત આપવા શહેર વસાહત મહામંડળની રાવ

ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી ત્યારથી પ્રજા પાસેથી કર લેવામાં આવે છે. અન્ય મહાનગરપાલિકા દ્વારા કરરાહત આપવામાં આવી છે, પરંતુ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરરાહત આપવામાં ન આવતાં પ્રજા રોષે ભરાઈ છે. ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા મુખ્યમંત્રીને આ અંતર્ગત પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાવ્યું છે કે રાજ્યની મહાનગરપાલિકાઓએ નાગરિકો પર કરભારણ વધારીને તેમાં ફેરફાર કરી સામાન્યસભા પહેલા કરરાહત આપી છે તેવી જ રીતે ગાંધીનગરના નાગરિકોનું કરભારણ ઘટાડીને ઓછી આવક ધરાવતા કરદાતાઓને ઓછા કર તથા મોટી મિલકત અને આવક ધરાવનારાઓને વધુ કર એવું માળખુ ગોઠવવું જોઈએ. મંડળના પ્રમુખ અરૂણ બુચે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાની સોલાર લાઈટો બંધ હાલતમાં છે, બાંકડાઓ તુટી ગયા છે, ગંદકી ફેલાયેલી છે અને શેરીસફાઈ કરવામાં આવતી નથી ત્યારે નાગરિકો ઉપર કરભારણ કરવું યોગ્ય નથી. ઉપરોક્ત કારણોસર મહામંડળ દ્વારા પારદર્શકતા જળવાય અને નાગરિકોને આરોગ્યની સેવાઓ મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ચાર શ્રમજીવી પરિવારની દિકરીઓનો કરિયાવર પુરો પાડતી શહેરની મહિલાઓ

## કૌશલ્ય મહિલા વિંગની સેવાભાવી મહિલાઓનું ઉમદા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૧૫

દિકરીના લગ્ન એ દરેક મા-બાપ માટે એક સૌભાગ્યના અવસર સાથે જવાબદારી પણ હોય છે. દિકરીના કોડ પુરા કરવા માતા-પિતા કંઈ પણ કરવા તૈયાર હોય છે. શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારો પણ આ લાગણીથી બાકાત નથી હોતા પરંતુ આર્થિક મજબૂરીઓ સામે લાચાર હોય છે. આ સમયે શહેરની સેવાભાવી મહિલાઓની સંસ્થા કૌશલ્ય મહિલા વિંગ તેમની વ્હારે આવી છે. આજે આ સંસ્થાની મહિલાઓએ ચાર શ્રમજીવી પરિવારની દિકરીઓને કરિયાવર પુરો પાડી અનોખી સેવાભાવનાનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું.

સેકટર-૨૮માં આદિવાડા છાપરાં ખાતે રહેતી નયના ગાભાભાઈ દંતાણી એક અનાથ દિકરી છે જેને પોતાની ત્રણ બહેનો અને બે ભાઈ છે. મોટાભાઈ જે લોડીંગ રીક્ષા ચલાવે છે તેના સહારે આ સમગ્ર પરિવાર નભી રહ્યું છે. આદિવાડાના છાપરાંના અન્ય એક દિકરી જેનું નામ શીતલ રણજીતભાઈ દંતાણી છે. તેના પિતાનો એક્સિડન્ટના કારણે પગ ભાંગી ગયો છે. શીતલે ધો. ૮ સુધી અભ્યાસ કર્યા પછી સીવણકાર્ય શીખી લીધુ જેના કારણે તે પરિવારને આર્થિક મદદ પુરી પાડી શકે છે. તેના નાના ભાઈને દિવાળીમાં ફટાકડો નજીક ફુટવાથી એક આંખ ગુમાવવી પડી છે. ત્રીજી દિકરી જીઈબી કોલોની પાસેના છાપરામાં રહેતા અને છુટક ભાડે લોડીંગ રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા અબ્દુલ લતીફ શેખની



દિકરી સલમા છે. ધો. ૧૦ પછી તેણે રાખડી બનાવવાની કુશળતા હાંસલ કરી છે. જેને અર્થોપાર્જન કરવામાં મદદરૂપ નિવડે છે. તેને એક ભાઈ અને એક બેન છે. બોરિજ ખાતે મજૂરીકામ કરતા પ્રકાશભાઈ મકવાણાની દિકરી નિકિતાએ ધો. ૧૨ પાસ કર્યુ છે. તેના પરિવારમાં ૨ બહેનો અને એક ભાઈ છે.

નયના, શીતલ, સલમા અને નિકિતા એમ ચારેય દિકરીઓના લગ્ન આ સપ્તાહ અંતે યોજાનાર છે. પ્રભુતામાં પગલાં પાડવા જઈ રહેલી આ કોડભરી કનયાઓને કૌશલ્ય મહિલા વિંગે કરિયાવર પુરો પાડી તેમને પિતૃગૃહેથી સન્માનભેર શ્વસુર ગૃહે જવાનો ઉત્સાહ પુરોપાડ્યો છે.

કૌશલ્ય મહિલા વિંગની મહિલા સભ્યો હર્ષાબા ધાંધલ, હર્ષાબેન પટેલ, અમદાવાદથી આવેલ મીતાબેન ગાંધી, સરિતાબેન ગોંડલિયા, લીરલબા વાઘેલા, ઈન્દુબેન પટેલ, કલ્પનાબેન ધોળુ, પ્રિયાબેન પટેલ વગેરેએ ચારેય દિકરીઓના ઘરે જઈને કરિયાવર અર્પણ કર્યો હતો.

### કરિયાવરમાં શું આપ્યું ?

- સોનાની ચુગ ● ચાંદીનું મંગળસુત્ર ● ચાંદીની ધાર્મિક ફ્રેમ
- છ સાડી ● એક ચણિયાચોળી ● શિંગાર માટેનો દુલ્હનસેટ
- સ્ટીલનો ટી-સેટ ● દિવાલ ઘડિયાળ
- સલમાનને મંગળસુત્રના સ્થાને પાયલ તેમજ સાડીના બદલે ડ્રેસ આપવામાં આવ્યાં હતા.






## તાલુકા પંચાયતની ચિલોડા (ડ) બેઠકમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠક માટે આગામી ૨૧ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજાવાની છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા(ડ)ની બેઠક પર ભાજપ અને કોંગ્રેસ મેદાનમાં છે. ભાજપ અને કોંગ્રેસ પક્ષ બંને પાટીદાર સમાજના ઉમેદવારો હોવાથી મતદારોનું મન જાણવુ મુશ્કેલ બન્યું છે. ભાજપ દ્વારા ઈસનપુર રોડ ઉમિયાનગર વિસ્તારમાં અને કોંગ્રેસ દ્વારા અશ્વમેઘ કોમ્પલેક્ષમાં કાર્યાલયોનો આરંભ કરી દેવાયો છે. ત્યારબાદ બંને પક્ષોના ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર મતદારોનો સંપર્ક કરી પ્રચાર આરંભી દીધો છે. આ ઉપરાંત ગ્રુપ બેઠકો વ્યક્તિગત સંપર્કો યોજાઈ રહ્યા છે. ભાજપ તરફથી પૂર્વ તાલુકા સદસ્ય અંજનાબેન પટેલ ચૂંટણી લડી રહ્યા છે, જયારે કોંગ્રેસ પક્ષે આશાબેન પટેલે ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. ગામમાં શેરીએ શેરીએ, ગામના જાહેર માર્ગો પર તોતિંગ બેનરો, હોર્ડિંગ્સો દ્વારા પ્રચાર યુદ્ધ ચાલી રહ્યું છે. ભાજપ દ્વારા ગામના યુવાનો પ્રચાર વાહન દ્વારા ઝંઝાવાતી પ્રચાર કરતાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે. ઉમેદવારો વિજયી બનવા મતદારોને રીઝવવા પ્રચાર કરી રહ્યા છે.